Extra No. 240

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, JUNE 26, 2025 / ASADHA 5, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વાંચ્યા :-

૧. ડાયરેકટર જનરલશ્રી, રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી, ઉચ્ચતર શિક્ષા વિભાગ, ભારત સરકારના પત્ર D.O.NO. NTA/UGC JUNE/2025 DT.21/06/2025.

૨. મજકુર કચેરીની ચીટનીશ શાખાનાં પત્ર નં.કભય/ખાત/વશી/૫૧૩/૨૦૨૫ તા.૨૩/૦૬/૨૦૨૫

//જાહેરનામું//

// ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા સને-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

No.EC/MAG/WS/5777 To 5800/2025.- આગામી તા. ૨૫/૦૬/૨૦૨૫ થી તા.૨૯/૦૬/૨૦૨૫ સુધી ભારત સરકારની રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી ધ્વારા આયોજીત UGC-NET June-2025 ની પરીક્ષા વડોદરા જિલ્લાના જુદા-જુદા કેન્દ્રો ઉપર લેવાનાર છે તેમ આમુખ (૧) તથા (૨) ના પત્રથી જણાવેલ છે. જે સ્થળોમાં પરીક્ષા લેવામાં આવનાર છે તે કેન્દ્રની યાદી નીચે મુજબ છે. આ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરરિતીઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા તથા જાહેર શાંતિ સલામતિ જળવાઇ રહે તે માટે તેમજ પરીક્ષાના મુક્ત અને ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષામાં ગેરરિતીઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.-

વાસ્તે, હું બી. એસ. પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા જિલ્લો, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઇએ વડોદરા જિલ્લાના પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરની હદ્દ વિસ્તાર સિવાયના વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારોમાં તથા વડોદરા ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા વિસ્તાર સહિત) માં આ સાથે સામેલ પરીક્ષા કેન્દ્રમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

// પ્રતિબંધિત વિસ્તાર //

વડોદરા જિલ્લાના પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેરની હદ્દ વિસ્તાર સિવાયના વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારોમાં તથા વડોદરા ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા વિસ્તાર સહિત) માં આવેલ પરીક્ષા કેન્દ્રની કોલેજોની વિગત નીચે મુજબ છે.

અ.નં	પરીક્ષા કેન્દ્રનું નામ	પરીક્ષા કેન્દ્રનું સરનામું
1.	VADODARA INSTITUTE OF ENGINEERING,	At:- Vadodara Halol Toll Road, Kotambi, Ta.Waghodia, Dist. Vadodara-391510
2.	NEOTECH TECHNICAL CAMPUS	At:- Academic Block-1, Virod, Harni Virod Road, Vadodara-390022

// પ્રતિબંધિત કૃત્યો //

વડોદરા જીલ્લામાં જે જે કેન્દ્રો (કોલેજો) માં પરીક્ષા લેવાનાર છે તે તે કેન્દ્રોની કોલેજો ના પરીક્ષા ખંડની અંદર આગામી તા.૨૫/૦૬/૨૦૨૫ થી તા.૨૯/૦૬/૨૦૨૫ સુધી પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રની અંદર કોઈપણ વ્યકિતએ સેલ્યુલરફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેશફોન, મોબાઈલ ફોન, વાયરલેસ વિગેરે લઈ જવા ઉપર કે ઈલેકટ્રોનીક ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમાં ૧૦૦-મીટરના અંતરમાં પરીક્ષા સમય દરમ્યાનમાં ચાર કે તેથી વધુ વ્યકતીઓને ભેગા થવુ નહી તથા પરીક્ષા કેન્દ્રોની બહાર ૧૦૦-મીટરના અંતરમાં ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકશે નહી કે લાઉડસ્પીકર વગાડી શકશે નહી.

// અમલવારીનો સમય //

આ હુકમ આગામી તા.૨૫/૦૬/૨૦૨૫ થી તા.૨૯/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

// અપવાદ //

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

પરીક્ષા ફરજમાં રોકાયેલ અધિકૃત અધિકારીઓ પોતાની વિધિસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

// શિક્ષા //

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા ગ્રામ્ય જીલ્લામાં ફરજ બજાવતાં અનાર્મે આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર અને તેનાથી ઉપલા દરજ્જાનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

કલમ ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તા. ૨૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

બી. એસ. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
વડોદરા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.10 19:06:31 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara